# ૯૦ દેશોના ૧૧૮ પ્રતિનિધિઓએ દેશના શ્રેષ્ઠ ગામ પુંસરીની લીધેલી મુલાકાત

## શાળાના બાળકો દ્વારા બેન્ડ-ઢોલ નગારા તથા ગરબા-નૃત્ય નિદર્શન અત્યંત રસપૂર્વક નિહાળ્યું : આ મુલાકાત અમારા માટે અવિસ્મરણિય રહેશે : પ્રતિનિધિમંડળ







ગાંધીનગર, તા.૩૦ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે કેન્દ્ર સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના ઉપક્રમે નવી દિલ્હી ખાતે ૨૯મી સપ્ટેમ્બરથી ૨જી ઓકટોબર દરમિયાન મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા સંમેલનમાં સહભાગી થયેલા ૯૦ જેટલા દેશોના ઉચ્ચકક્ષાના ૧૧૮ જેટલા પ્રતિનિધિઓએ આજે ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પુંસરીની મુલાકાત લીધી હતી. ગુજરાતમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત થયેલી કામગીરી નિહાળવા પુંસરી આવેલું પ્રતિનિધિ મંડળ ગામની સ્વચ્છતા અને અન્ય પ્રવૃત્તિઓ નિહાળીને અત્યંત પ્રભાવિત થયું હતું. તેમની મુલાકત દરમ્યાન સમગ્ર ગામમાં અનેક જગાએ સાંસ્કુતિક નૃત્ય નિદર્શન પણ કરાયું હતું.

આ પ્રતિનિધિ મંડળના સભ્યો પુંસરી શાળાની મુલાકાત વેળાએ શાળાની બાળાઓ સાથે ગરબે ઘુમ્યા હતા, સાથે સાથે તેઓએ બાળકો સાથે નૃત્ય પણ કર્યુ હતું. તેમના પ્રતિભાવમાં આ સભ્યોએ જણાવ્યું હતું કે, આ ગામની સ્વચ્છતા, શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિ, પોષણક્ષમ આહાર, આંગણવાડી, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનેલા આવાસ, આરોગ્ય સેવા વગેરે પ્રશંસનીય છે. આ મુલાકાત અમારા માટે અવિસ્મરણીય રહેશે એમ તેમણે જણાવ્યું હતું.



સાબરકાંઠા જિલ્લાનું પુંસરી એટલે દેશનું શ્રેષ્ઠ ગામ. આ ગામે વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરી દેશ આખાનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ગામની પોતાની અલગ વેબસાઈટ, શૂન્ય બાકી કરવેરા, સ્વચ્છતામાં અગ્રેસર, ડિજીટલ કામગીરી, ગામમાં મફત આંતરિક બસ વ્યવસ્થા, પીવા માટે મીનરલ વોટર, સુઘડ રસ્તા-શેરીઓ, સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ સમગ્ર ગ્રામ, સિંગલ એડ્રેસ સિસ્ટમ, ડીજીટલ લાઈબ્રેરી જેવી સંખ્યા બંધ સુવિધાઓ ધરાવતું પુંસરી ગામ આજે વિદેશી પ્રતિનિધિ મંડળ માટે અવિસ્મરણીય મુલાકાતનું કેન્દ્ર પણ બન્યું હતું. આ મંડળના સભ્યોનું પુંસરી ગામમા પરંપરાગત સ્વાગત કરાયું હતું. શાળાના બાળકોના બનેલા બેન્ડ તથા બાળકો દ્વારા વગડાતા ઢોલ, વાજા,અને મંજિરા સાથે કરાતા નૃત્યને આ સભ્યોએ મનભરીને માણ્યું હતું એટલું જ નહી પરંતુ બાળકો સાથે તેઓ નૃત્યમાં પણ જોડાયા હતા. સાથે સાથે આ મંડળે આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ ઉપલબ્ધ આરોગ્ય સુવિધાની પણ જાણકારી મેળવી હતી.

આ પ્રતિનિધિ મંડળમાં અફ્ઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભુતાન, બોલિવિયા, કંબોડિયા, ચાડ, કોસ્ટારિકા, ઈથોપિયા, ઘાના, ગુયેના, કેન્યા, કીરીબાકી, માલદીવ, માલ્ટા, મોંગોલિયા, મોરોક્કો, મોઝામ્બિક, મ્યાનમાર, નેપાળ,નાઈજર, પેરુ, દક્ષિણ સૂદાન, શ્રીલંકા, સૂદાન, તાન્ઝામિયા, તઝાકિસ્તાન, થાઈલેન્ડ, તુર્કમેનિસ્તાન, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન, વિયેતનામ, ઝામ્બિયા, માલી, લાઈબેરિયા, ઈજિપ્ત, અંગલા, મડાગાસ્કર, હૈતિ, જોર્ડન અને સીંગાપોર જેવા ૯૦ દેશોના મંત્રીશ્રીઓ અને પ્રતિનિધિઓ ઉપરાંત મિડીયા હાઉસના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.

દેશના શ્રેષ્ઠ ગામ તરીકેનું બિરૂદ મેળવનાર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે ત્યારે આ ગામની મુલાકાતે આવેલા પ્રતિનિધિ મંડળે ગામમાં સેનીટેશનની વ્યવસ્થા, વ્યક્તિગત-સામૂહિક શૌચાલય, શાળામાં કાર્યરત જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અને પ્રજ્ઞા પ્રોજેક્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસો, સી.સી.ટી.વી, વહીવટી વ્યવસ્થા, જેવી સંખ્યાબંધ વ્યવસ્થાઓનું પ્રત્યક્ષ નિરિક્ષણ કર્યું હતું.



ગ્રામવિકાસ વિભાગના કમિશનર અને સચિવ શ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લાનું પુંસરી ગામ દેશના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદ પામેલ છે. રાજ્ય સરકારની મહત્તમ વિકાલક્ષી-કલ્યાણકારી યોજનાઓનો અમલ પણ આ ગામમાં કરાયો છે. તેને પરિણામે આ ગામ શ્રેષ્ઠ ગામોની હરોળમાં સ્થાન પામ્યું છે. સાથો સાથ સ્વચ્છતાના મંત્રને આત્મસાત્ કરી આ ગામ સ્વચ્છતાના પર્યાય સમાન બન્યું છે. અહીંની પ્રાથમિક શાળા, આંગણવાડી, પંચાયત ઓફિસ વિગેરે પણ નમૂનેદાર છે ત્યારે ૯૦ દેશોના પ્રતિનિધિઓ આ ગામની મુલાકાત લે એ બાબત જિલ્લા ઉપરાંત સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગામમાં ૧૦૦ જેટલા લાઉડ સ્પીકરોનો કન્ટ્રોલ ગ્રામ પંચાયતમાંથી થાય છે, જેના દ્વારા ગામમાં બનતી અથવા કોઈ પણ વાત એક સાથે ગામજનોને જણાવી શકાય છે. ઘન કચરાના નિકાલ માટે ટ્રેકટર, ટેલર જેવા સાધનો ખરીદી કરી સ્વચ્છતાની કામગીરી કરાય છે. પુંસરી ગ્રામ પંચાયતે લોકભાગીદારીથી પ્રવેશદ્વાર, વોટરકુલર જેવા કામો કર્યા છે, ગામની ખેતીની જમીનમાં લોકોએ ટપક પદ્ધતિ અપનાવી છે. ગામ માટે બગીચો તેમજ વાંચનાલય શરૂ કર્યુ છે. સખી મંડળો દ્વારા બહેનોએ ગ્રામહાટ બનાવી સ્વનિર્ભર બની છે.



**અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચાએ મોડાસા ચાર રસ્તા પર રાહુલ ગાંધીના પૂતળાનું દહન**

ગુજરાત પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં મોડાસા ચાર રસ્તા ટાઉન હોલ ખાતે યોજાયેલ જીલ્લા કારોબારીની બેઠક બાદ જીલ્લા બીજેપી યુવા મોરચા સહીત મહિલા મોરચા અને જિલ્લાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ચાર રસ્તા પર કોંગ્રેસના અધ્યક્ષે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અંગે ચાઈનીઝ બનાવટ અંગે ટિપ્પણી કરતા રાહુલ ગાંધીના નામનો હુરિયો બોલવી રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને ટિપ્પણી અંગે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાહુલ ગાંધીના પૂતળા દહન સમયે પોલીસ તંત્ર મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહી હતી.

# બનાસડેરીના દૂધના ટેન્કર ચાલકો હડતાળના માર્ગે

## ૭ કલાક બાદ સમાધાન થતા હડતાળ સમેટાઈ

એશિયાની નંબર વન ગણાતી બનાસડેરીના દૂધના ટેન્કર ચાલકો એ પોતાની પડતર માંગણીઓને લઈને ગત વહેલી સવારે હડતાલનો માર્ગ અખત્યાર હડતાલનું એલાન કરવામાં આવ્યું હતુ. ત્યારે ગત વહેલી સવારે ટેન્કર ચાલકોએ એકાએક બનાસડેરી આગળ જ ટેન્કરોના પૈંડા થંભાવી દીધા હતા. જેના પગલે



કર્યો હતો. જેના પગલે ડેરીનું વહિવટીતંત્ર હરકતમાં આવી ગયું હતું. દરમિયાન પોલીસ અને આમ આદમી પાર્ટીના પ્રયાસોથી માંગણીઓ સ્વિકારવાની ખાત્રી મળતાં સાત કલાક બાદ હડતાલ સમેટાઇ જવા પામી હતી.

પાલનપુર સ્થિત એશિયાની સૌથી મોટી બનાસડેરીમાં ટેન્કરો દ્વારા ગ્રામિણ વિસ્તારમાંથી દૂધનું સંપાદન કરવામાં આવે છે. જોકે, ટેન્કર ચાલકોનું શોષણ કરવામાં આવતું હોવાના આક્ષેપો સાથે બે દિવસ અગાઉ ચાલકો દ્વારા બનાસડેરીના ટેન્કર કોન્ટ્રાકટર, આમ આદમી પાર્ટીના ભેમાભાઇ ચૌધરી, રમેશભાઈ નાભાણી તેમજ પાલનપુર તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. જ્યાં બે કલાક સુધી ટેન્કર ચાલકો સાથે વાટાઘાટો ચાલી હતી. અને તેમની દસ જેટલી વિવિધ માંગણીઓ સંતોષવા માટે તંત્ર દ્વારા ખાત્રી આપવામાં આવી હતી. જેના પગલે આખરે સાત કલાક બાદ ટેન્કર ચાલકોની હડતાલ સમેટાયી હતી. આ ઘટનાક્રમ દરમિયાન ભારે ઉત્તેજના જોવા મળી હતી.



**ધાનેરા પોલીસે ધાખા જોરાપુરા રોડ પરથી દારૂ સાથે મુદ્દામાલ જપ્ત કર્યો**

બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા ધાખા જોરાપુરા રોડ ઉપરથી બાતમીના આધારે નાકાબંધી કરી ઈન્ડીકા વીસ્ટા ગાડીનં જીજે-૦૯-બીએ -૬૦૭૦ માંથી ભારતીય બનાવટના વીદેશી દારૂની પેટી નં ૩૦ બોટલ નંગ-૧૧૧૬ કિ. રૂ. ૧,૧૫,૨૦૦ તથા મોબાઈલ નં-૧ કિ. રૂ. ૫૦૦ તથા ઈન્ડીકા વીસ્ટા ગાડી કિ. રૂ. ૧,૫૦,૦૦૦ મળી કુલ ૨,૬૫,૭૦૦નો મુદ્દામાલ કબજે કરેલ છે.

# ઊંઝા માર્કેટમાં કપાસની આવક શરુ : હરાજીનો ધમધમાટ

ઊંઝા, તા.૩૦

ઊંઝા નજીકના ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસની આવક શરુ થઈ છે. સિઝનના પ્રારંભે હાલમાં રોજિંદા ૩૦૦ મણ જેટલા કપાસની આવક થઈ રહી છે. યાર્ડમાં હરાજી એક મણના રૂ. ૧૧૦૦થી ૧૨૦૦ સુધીના ભાવ બોલાય છે.

ચાલુ વર્ષે કપાસનું વાવેતર ઓછું થતાં ઉત્પાદનમાં કાપ આવે તેમ હોઈ ભાવ ઉંચા રહ્યા છે. જેથી ખેડૂતવર્ગને સારા પોષણક્ષણ ભાવ મળતા તેઓ બજારમાં માલનું વેચાણ કરી રહ્યા છે. ઉનાવા યાર્ડમાં ધીમે ધીમે નવા માલની આવક વેગ પકડશે. આ સાથે લોકલ મિલોની માંગ તેમજ જીનની ખરીદી પણ નીકળશે. આગળ ઉપર વિદેશોથી માંગ કેવી નીકળે છે? તેના પર ભાવની વધઘટ થવાની સંભાવના છે. આ વર્ષે પાકના ઓછા ઉત્પાદનના અંદાજ પાછળ ભાવ મકકમ રહેશે તેમ મનાય છે.

દરમિયાન ઉનાવા બજાર સમિતિના અધ્યક્ષ સુરેશભાઈ પટેલ અને સેક્રેટરી રાજેન્દ્ર પટેલ દ્વારા બહારથી અત્રે ખેત ઉપજના માલોનું વેચાણ કરવા આવતા ખેડૂતોને ખરું તોલ, યોગ્ય ભાવ અને તુરંત નાણાં મળી રહે તે દિશામાં પૃથાઓ કરાયા છે. વધુમાં ઉનાવાયાર્ડમાં ખેડૂતો માટે જરુરી તમામ સગવડો કરવામાં આવી છે.

# સરદાર પટેલની સૂચના બાદ અમૂલની સ્થાપના

અમદાવાદ, તા. ૩૦

અમૂલના ૧૧૨૦ કરોડના નવીન પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂર્હૂત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રારંભમાં સહુનો આવકાર કરતાં અમૂલના ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું કે, સરદાર સાહેબની પ્રેરણાથી ૧૯૪૬માં અમૂલની સ્થાપના થઈ અને સહકારી ક્ષેત્રે ઉત્તમ વહીવટ પ્રદાન કર્યો છે. તેનું સમગ્ર શ્રેય અમૂલના સભાસદોને ફાળે જાય છે. પરમારે જણાવ્યું કે, કુપોષિત બાળકોને પોષણક્ષમ આહાર પૂરો પાડવા માટે રેડી ટુ યુઝ થેરાપ્યુટીક ફુડ પ્રોડકટ વિકસાવી ગુજરાત સરકારની જરૂરિયાત મુજબ પૂરી પાડવાનું કાર્ય હાથ ધર્યુ છે. અમૂલ યુનિસેફની મદદથી અન્ય દેશોમાં પણ આરયુટીએફ નિકાસ કરે છે જે ભારત સરકારની મેઈક ઈન ઈન્ડિયાની પ્રતિબધ્ધતા દર્શાવે છે. પરમારે જણાવ્યું કે, રાજય સરકાર અને અમૂલના સહયોગથી રાજયમાં પશુપાલન વ્યવસાયનો વિકાસ થયો છે. રાજયમાં દૂધ ઉત્પાદનમાં વધારો થતાં અમૂલ દ્વારા દૂધ સંપાદનમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

## સુધારાની જરૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતાં. પાકિસ્તાન દ્વારા મંત્રણાની ઓફર અંગે બોલતાં સુષ્માએ કહ્યું કે, ભારત પણ હંમેશા મઁત્રણાનું તરફદાર રહ્યું છે, પણ આ મામલે પાકિસ્તાન તેને દગો કરતું આવ્યું છે. યુનાઈટેડ નેશન્સની સંયુક્ત મહાસભામાં ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે માત્ર પાકિસ્તાનને જ નહી પણ યુનાઈટેડ નેશન્સ પર પણ ચાબખા માર્યા હતા.

સુષ્માએ કહ્યુ હતુ કે હવે યુએનનો પ્રભાવ, ગરિમા અને મહત્વ ઓછુ થઈ રહ્યુ છે.યુએનની સુરક્ષા પરિષદમાં સુધારાની જરુર છે.એવા સુધારા જે ખાલી દેખાડવા માટે ના હોય પણ ખરેખર તેનાથી બદલાવ આવે.આજે યુએનની સુરક્ષા પરિષદ બીજા વિશ્વયુધ્ધના પાંચ વિજેતાઓ સુધી જ સિમિત છે..આજના યુગ માટે આ સ્થિતિ અનુકળ નથી.સુરક્ષા સમિતિ આજના પડકારોને સમજવામાં નિષ્ફળ ગઈ છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ અહેમદ કુરેશીએ સુષ્મા સ્વરાજે જે રીતે આતંકવાદના મુદ્દે પાકિસ્તાનની યુનાઈટેડ નેશન્સમાં પોલ ખોલી છે. તેનાથી બોખલાઈને ઉટપટાંગ નિવેદન આપ્યુ છે.

શાહ અહેમદ કુરેશીએ ધડ માથા વગરનુ નિવેદન આપતા કહ્યુ હતુ કે આતંકવાદ માટે આરએસએસ જવાબદાર છે અને આરએસએસ ફાસીવાદનુ કેન્દ્ર છે.

## હેલિકોપ્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિલોમીટરથી નજીક આવી શકે નહીં જ્યારે રોટર વગરના કોઈ વિમાન સરહદની ૧૦ કિલોમીટરની અંદર આવી શકે નહીં. સંરક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના તીખા તેવરના લીધે પાકિસ્તાન હચમચી ઉઠ્યું છે. સુષ્માએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, પાકિસ્તાન એક એવા દેશ તરીકે છે જેને આતંકવાદ ફેલાવવાની સાથે સાથે ત્રાસવાદને નકારી કાઢવામાં મહારથ મળેલી છે. આતંકવાદીઓ પાકિસ્તાનમાં ખુલ્લામાં ફરે છે. મળેલી માહિતી મુજબ પાકિસ્તાનના હેલિકોપ્ટરમાં પોકના વડાપ્રધાન ફારુક હેદર હોવાનું જાણવા મળ્યું છે.

## કોંગ્રેસ કારોબારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપતાં પ્રાસંગિક પ્રવચનમાં સ્પષ્ટ એકરાર કર્યો હતો કે જેટલા હોદ્દેદારો નિયુક્ત થયા છે તેના ૫૦ ટકા હોદ્દેદારો પણ કારોબારી બેઠકમાં હાજરી આપતા નથી. નવા સંગઠનમાં કાર્યકર્તાઓ જે કામ કરે છે તેમને સ્થાન આપવામાં આવશે.

તેમણે ૨જી ઓક્ટોબરથી શરૂ થઈ રહેલા જનસંપર્ક અભિયાનની પણ વિસ્તૃત જાણકારી આપી હતી જેમાં રોજના ૫૦ મતદારોના સંપર્કની વાત પણ ભાર મુક્યો હતો. આ ઉપરાંત ઘરે ઘરે ફરી અને પક્ષ માટે ભંડોળ એકત્રિત કરવાના કાર્યક્રમની વિગતો આપી અલગથી બેંકમાં ખાતુ ખોલી તેનો હિસાબ રખાશે તેમ જણાવ્યું હતું.

'ચલો ગાંવકી ઓર' પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાથ પર લેવામાં આવ્યો હોવાથી કાર્યકરોને આ માટે તૈયાર રહેવા અને તેના આયોજનને ટૂંકમાં આખરી કરાશે તેમ પણ સૂર્યસિંહ ડાભીએ કાર્યકરોને જણાવ્યું હતું.

આજની બેઠકમાં ધારાસભ્યો અને પ્રદેશ નિરીક્ષકોની ગેરહાજરી અંગે કાર્યકરોમાં ધીમા સ્વરે ગણગણાટ સાંભળવા મળ્યો હતો. સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલનના અભાવના પડઘા આજે કારોબારી બેઠકમાં જોવા મળ્યા હતા. ઘણા બધા હોદ્દેદારોની ગેરહાજરી અંગે પણ સંગઠન સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

## ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેક ગ્રામીણ ઓળખ સાથેના ગામો ફ્લેટ - એપાર્ટમેન્ટના કારણે રેસિડેન્સિયલ અને કોમર્શિયલ સ્વરૂપે વિકાસ પામ્યા અને અત્યારે પણ આ વિસ્તારો અને અન્ય ગ્રામ્ય વિસ્તારો વિકસી રહ્યા છે. આ બધા વિસ્તારોમાં છેલ્લા દસ વર્ષમાં જે મકાન - ફ્લેટ બન્યા એમાં સૌથી વધુ પ્રમાણ બે રૂમ, કિચનવાળા ફ્લેટ્સનું જ વધુ છે. કારણ બિલ્ડર મૂળે તો વેપારી જ છે, એને ખોટ ના પોષાય. જો બે રૂમથી વધુ રૂમના ફ્લેટ બનાવવામાં આવે તો તે વેચાય નહીં. અલબત્ત બિલ્ડર્સ બે રૂમથી વધુના ત્રણ કે ચાર રૂમના ફ્લેટસ બનાવે તો છે પણ પોતાની આખી સ્કીમમાં આવી સુવિધાવાળા એક-બે બ્લોક્સ જ બનાવે છે. નવા ઉભા થયેલા ગાંધીનગરની દરેક ફ્લેટ સ્કીમમાં આ સ્થિતિ તમને જોવા મળશે. સેન્સસની આંકડાકીય સચ્ચાઈ આપણી સમક્ષ છે. પરંતુ આ આંકડાઓને વેપારી બિલ્ડર્સ પાકી ગણતરી સાથે નફાના ગણિતમાં પણ જોડે છે એ સમજાય એવું છે ને, બિલ્ડરો સૌથી વધુ ૨-બીએચકેની સ્કીમ કેમ મૂકે છે...?!!!

## મધુર ડેરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરેલ છે. તેમાં ૧૯૯૮ થી કોઈ ફેરફાર થયો નથી. આ માટે સરકાર સાથે વાતચીતોનો દોર ચાલુ છે અને સૌહાર્દપૂર્ણ ઉકેલ આવશે તેવો તેમને વિશ્વાસ છે. આથી જ ધણપ ખાતે નવો દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટ જે ૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતો અંદાજે રૂ. ૭૫ કરોડના ખર્ચે નાખવામાં આવશે.

ડૉ. રાણાએ સભાસદોને જણાવ્યું હતું કે, હાલ ગાંધીનગર ખાતેનો આ પ્લાન્ટ ૧૬ વર્ષ જુનો છે અને મેન્ટેનન્સનો ખર્ચ પણ વધી રહ્યો છે. આપણે જિલ્લા વિભાજન પછી જિલ્લામાં ભળેલા નવા તાલુકાઓના ગ્રામ્ય પશુપાલકો પાસેથી દૂધ મેળવવાની કામગીરી શરૂ કરી છે પરંતુ સંપૂર્ણ કામગીરી મિલ્ક શેડમાં જરૂરી ફેરફાર પછી જ કરીશું.

પશુપાલકોના હિતમાં આજે પણ મધુર ડેરી દ્વારા ફેટના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી અને પશુપાલકોને સંપૂર્ણ ન્યાય અને તેમના ઉત્પાદનનો યોગ્ય ભાવ મળી રહે તે માટે ટીમ મધુર કટિબદ્ધ છે.

તેમણે કહ્યું કે, ટીમ મધુરે તેના વાણિજ્યની ક્ષિતિજો વિસ્તારી છે. નવા લક્ષ્યાંકો સાથે આગળ વધી રહ્યા છે અને સ્થાપના વર્ષની સુવર્ણ જયંતિએ વાર્ષિક ટર્નઓવર એક હજાર કરોડ સુધી આંબવાનો લક્ષ્યાંક પણ સૌના સાથ અને સહકારથી જ હાંસલ કરીશું તે પણ સામી ભીંતે લખેલું વાંચી શકાય છે. ડૉ. રાણાણે જણાવ્યું હતું કે, ગ્રાહક - ઉત્પાદકોના હિતને ધ્યાને રાખી ટીમ મધુર આગળ વધૂ રહી છે. મિનરલ વૉટર માટે પણ આજથી પ્રોજેક્ટ કાર્યાન્વીત કર્યાની સાથે જ તેના ઓર્ડર મળવાના શરૂ થયા છે. શાકભાજી પ્રોડક્ટ્સ અને મિનરલ વૉટર સાથે ડૉર સ્ટેપ ડીલીવરી થકી અમે રોજગારી નિર્માણનું પણ એક લક્ષ્યાંક રાક્યું છે.

## અતિતની આજ ●

ચોથા પાનાનું ચાલું

મોદી, મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને તેમના કેબિનેટ મંત્રી નીતિન પટેલના કડવા પટેલ પ્રભાવ ક્ષેત્રવાળા મહેસાણા જિલ્લાથી. મજબૂત અસર પાડવાનું નિમિત્ત બન્યું સૌરાષ્ટ્રના કડવા પટેલ પટ્ટાના મોરબી પંથકમાં. પટેલોને અનામત અપાવવા કરતાં બીજી અમુક કોમોને અનામતના વધુ પડતા લાભ મળતા હોવા સામેના વિરોધ અને રાજકીય નેતાગીરી બદલવાના ઈરાદે એ આંદોલની શરૂઆત થઈ હતી.પટેલોને ઓબીસી અનામત અપાવવા માટે આંદોલનનું મહોરું આગળ કરાયું હતું. ઓબીસી અનામતમાં ભાગ પડાવવા સામે હાર્દિક પટેલના વડપણવાળા પાટીદાર આંદોલનના ગોપનીય સૂત્રધારોની જેમ જ ઓબીસી આંદોલનના સૂત્રધાર તરીકે અલ્પેશ ઠાકોરનું પ્રાગટ્ય થયું. મોરબીમાં પટેલ આંદોલનની ઝાઝી અસરનું નિમિત્ત એવા અત્યારે હાર્દિકબાબાના ખાસંખાસ એવા મનોજ પનારા તેમજ લલિત કગથરાનું સવિશેષ યોગદાન ગણવું પડે.પનારા મૂળ ભાજપ-સંઘ પરિવારમાંથી આવે.મોરબી નગરપાલિકાની બબ્બેવાર ચૂંટણી લડ્યા છતાં હાર જ હાથ લાગી એટલે ગાયમાતાના આશીર્વાદ માટે ગૌશાળા સંચાલન સાથે પાટીદાર આંદોલનમાં વાકપટુ પનારાનો રથ દોડતો થયો. લલિતભાઈ પણ મૂળે રાજકોટનિવાસી. મહાનગર પાલિકામાં એમનાં પત્ની ઈલાબહેન કગથરા ભાજપી નેતા ચીમન શુક્લના આશીર્વાદથી થકી નગરસેવિકા પદ પામ્યાં હતાં. કગથરા ''પાસ''ના આગેવાન થયા. ટંકારા બેઠકપરથી કોંગ્રેસના ધારાસભ્ય થયા. એ પહેલાંથી શંકરસિંહના નિષ્ઠાવંત રહ્યા છે. મોરબી જિલ્લાની વિધાનસભાની બંને બેઠકો પર કડવા પટેલ ધારાસભ્ય ચૂંટાયા છે. બંને કોંગ્રેસમાંથી જ. મોરબી બેઠક પરથી બ્રિજેશ મેરજા ધારાસભ્ય છે. એ પણ વચ્ચે ભાજપમાં આંટો દઈ આવ્યા છે. ના ગોઠ્યું એટલે કોંગ્રેસમાં પાછા ફર્યા.

haridesai@gmail.com